બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવીણ - ૨

કુલ ગુણ - ૧૦૦

(સમય : બપોરે ૨ થી ૫) (રવિવાર, ૧૫ જુલાઈ, ૨૦૧૨)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

☞ અગત્યની સૂચના ☜

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ | ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

(વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવીણ, આઠમી આવૃત્તિ -એપ્રિલ, ૨૦૧૦)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ **નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''બોલો મહારાજની શી આજ્ઞા છે ?'' (૨૮/૮૫)

➪ ડોસાભાઈ - ભગુજીને

➪ ગોળનાં ગાડાં જોખતા ડોસાભાઈને અચાનક ઘોડા ઉપર ભગુજીનાં દર્શન થતાં ગોળ જોખવો પડતો મૂકી ભગુજીને દંડવત્ પ્રણામ કરતાં કહે છે.

૨. ''તમારે અમે કહીએ તેમ કરવું છે કે સાધુ થવું છે ?'' (૧૯/૬૦)

➪ શ્રીજીમહારાજ - રાજાભાઈને

➪ ઘર છોડીને ત્યાગી થવા ગઢડે ગયેલા રાજાભાઈ શ્રીજીમહારાજને મળે છે. ત્યારે મહારાજના ચરણે રૂપિયાની કોથળી મૂકીને બધી વાત કરે છે. ત્યારે મહારાજ પૂછે છે.

૩. ''તમારા ગુરુજીને કોઈ વખત આમ થાય છે ?'' (૨૦/૬૧)

➪ શ્રીજીમહારાજ - મહંતના શિષ્યને.

➪ બંગાળના એક ગામના મહંત દ્વારકાની જાત્રાએ જતાં રસ્તામાં લોજ આવ્યા. ત્યાં શ્રીજીમહારાજ ભિક્ષા આપતા હતાં ત્યાં આવ્યા અને મહારાજના દર્શન થતાં જ તેમને સમાધિ થઈ ગઈ. તે વખતે મહારાજ તેમના શિષ્યને પૂછે છે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૯)**

૧. **સોમલા ખાચરે ખોખરામાં બાવાઓને મારી નાખ્યા. (૧૦/૨૮)** ખોખરા મહેમદાવાદમાં મહારાજ પાંચસો પરમહંસો સાથે પધાર્યા હતા. ત્યારે ત્યાંનો લોલંગર બાવો કોપાયમાન થયો. મહારાજને પકડવા માટે પોતાના શિષ્યો સાથે આવ્યો. મહારાજે ચારસો સંતોને અગાઉથી જ સુરત મોકલી દીધા હતા. કાંકરિયા તળાવે સંતો સ્નાન કરીને આવતા હતા. તે સમયે બાવાઓ હથિયાર સાથે આવી પહોંચ્યા. એક સત્સંગીને તલવાર મારી ત્યાં તો સિંહ સમાન સોમલાખાચર બીજા પાળાઓ સાથે છૂટ્યા. હથિયાર સાથે ઝપાઝપી થઈ. ચાર આગેવાન બાવાઓને તાત્કાલિક ચોકમાં ઢાળી દીધા. અને ભંગાણ પાડ્યું. સૌ બાવાઓ ભાગી ગયા. સોમલા ખાચરની શૂરવીરતા આ પ્રસંગે કામ આવી ગઈ. સૌને હિંમત આવી ગઈ. શ્રીજીમહારાજ પ્રત્યે સોમલા ખાચરને આવો અપૂર્વ પક્ષ અને ભક્તિભાવ હતો.

૨. **અચિંત્યાનંદ બ્રહ્મચારીએ 'શ્રીહરિલીલાકલ્પતરુ' ગ્રંથની રચના કરી. (૧૨/૩૬-૩૭)** એકવાર વરતાલમાં રઘુવીરજી મહારાજના આસને સભા થઈ તેમાં ગુણાતીતાનંદ સ્વામી, વિદ્વાન સંતો, બ્રહ્મચારી, હરિભક્તો બેઠા હતા. તે વખતે આચાર્યશ્રી રઘુવીરજી મહારાજની ગાદી ઉપર ચંપાનાં ત્રણ પુષ્પ હતાં. રઘુવીરજી મહારાજે શ્રીજીમહારાજની સર્વોપરીતાના પ્રચાર અંગે મર્મ કરતાં કહ્યું : 'કેટલાક આ ફૂલ સુધી પૂગે છે, કેટલાક આ ફૂલ સુધી પૂગે છે પણ આ ફૂલ સુધી તો કોઈ પૂગતું જ નથી' ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ ત્રીજું ફૂલ લઈ વિદ્વાન બ્રહ્મચારી અચિંત્યાનંદજીને આપી કહ્યું : 'કેટલાક મહારાજને રામચંદ્ર જેવા સમજે છે, કેટલાક મહારાજને શ્રીકૃષ્ણ જેવા સમજે પણ વૈકુંઠ-ગોલોકથી પર અક્ષરધામના અધિપતિ, સર્વ અવતારના અવતારી સ્વયં શ્રીહરિ પૃથ્વી પર પધાર્યા છે તેમ નથી સમજતા. માટે તમે મહારાજના સર્વોપરી મહિમાનો ગ્રંથ કરો.' અચિંત્યાનંદ બ્રહ્મચારીએ પ્રસન્નતાથી આપેલ પુષ્પ ગ્રહણ કરી સ્વામીશ્રીની પ્રેરણાથી સંસ્કૃત ભાષામાં અનુપમ ગ્રંથ 'શ્રીહરિલીલાકલ્પતરુ' યશકીર્તિની અપેક્ષા રાખ્યા વિના આચાર્યશ્રી રઘુવીરજી મહારાજના નામથી કર્યો. આ ગ્રંથમાં અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં દિવ્ય લીલાચરિત્રોનું ગાન કર્યું છે. લીલાચરિત્રોમાંથી મુમુક્ષુજનોને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો યથાર્થ ઉપદેશ મળી રહે છે. મહારાજનું સર્વોપરીપણું લખવામાં કવિ જરા પણ અચકાયા નથી. સાથે સાથે ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે તે વાત પણ કરી છે.

૩. **શ્રીજીમહારાજ મછિયાવ ફરી પાછા ક્યારેય ન ગયા. (૭/૧૭-૧૮)** મછિયાવ ગામના ફઈબાને તેમના દીકરાની વહુ સાથે અણબનાવ થયો હોવાથી તેને પિયર મોકલી દીધી હતી. વહુના માતા-પિતા સત્સંગી હોવાથી તેમણે શ્રીજીમહારાજને આ બાબત સમાધાન કરાવવા વિનંતી કરી. શ્રીજીમહારાજ બસો સંતો તથા હરિભક્તો સાથે મછિયાવ જવા નીકળ્યા. રસ્તામાં વહુનું ગામ મેલણા આવતું હોવાથી મહારાજે ત્યાં જઈને વહુને પૂછ્યું કે અમે કહીએ તેમ કરશો ? ત્યારે તેણે પોતાની સાસુ તથા શ્રીજીમહારાજ જેમ રાજી હોય તેમ કરવા વચન આપ્યું. તેથી શ્રીજીમહારાજ રાજી થયા અને મછિયાવ પધાર્યા. ફઈબાએ મછિયાવમાં ખૂબ ભવ્યતાથી મહારાજનું સ્વાગત કર્યું. શીરા-પુરીની રસોઈ કરાવી હતી. મહારાજને ફઈબા ઘરમાં તેડી લાવ્યા. દાદર ચડતાં મહારાજે તેમને વહુને તેડાવવાની વાત કરી. ફઈબાએ તેનો તરત જ ઈન્કાર કરી દીધો. મહારાજને સર્વોપરી અને સર્વ અવતારના અવતારી જાણતા હતાં છતાં સાસુ - વહુના ઝગડામાં તમને સમજ ન પડે તેમ કહી દીધું. શ્રીજીમહારાજને આ હઠ ન ગમી. તેથી છેલ્લે કહ્યું તમે અમારી વાત નહિ માનો તો અમે તથા સંતો હરિભક્તો જમ્યા વિના ચાલ્યા જઈશું. ત્યારે ફઈબાએ જણાવ્યું કે તમે ધણી છો ફાવે તેમ કરો પણ આ વાત નહિ જ બને. મહારાજ ફઈબાની આવી હઠ જોઈને નારાજ થઈ ગયા અને જમ્યા વિના સંતો સાથે મછિયાવથી ચાલી નીકળ્યા. પછી મછિયાવ ફરી પાછા ક્યારેય ન ગયા.

૪. **શ્રીજીમહારાજે મૂળજી અને કૃષ્ણજીને રાજી થઈ ભાગવતી દીક્ષા આપી. (૨૯/૮૬-૮૮)** શ્રીજીમહારાજ માનકૂવા પધાર્યા. અહીં સભામાં કાતર લઈને બેઠા અને ખરેખરા સત્સંગી હોય તેને ત્યાગી થવા માટે બોલાવ્યા. મૂળજી અને કૃષ્ણજીએ આ વાત જાણી ત્યારે તેઓ મહારાજ પાસે ત્યાગી થવા આવ્યા. મહારાજે સાધુ થવાથી કેવાં દુઃખો આવશે તે વાત કરી અને કહ્યું, તમારા મનને પૂછી જુઓ. બંનેએ કહ્યું કે મન હા પાડે છે. કેડિયાની કસો પણ ફરી ક્યાં પહેરવું છે માટે છોડવાને બદલે તોડી નાંખી. તેમનો આવો ઉત્કૃષ્ટ વૈરાગ્ય જોઈ મહારાજે કહ્યું, તમે પરમહંસ થઈ ગયા માટે અમારી આજ્ઞાથી ગૃહસ્થાશ્રમમાં જાઓ. મહારાજની આજ્ઞા શિરે ચઢાવી ગયા. પણ સંસારમાંથી મન ઊઠી ગયું. બંને જણા પાછા ફરીથી ગઢડા ગયા. ત્યાં તો ઘેરથી પાછા બોલાવવાનો પત્ર આવવાથી ઘેર જવાની મહારાજે આજ્ઞા કરી. ઘેર ન જતાં એક શેઠને ત્યાં બાર મહિના કાઢી નાંખ્યા. ઘરનાએ ત્યાગી થવાની રજા ન આપી તો પોતાની ઈન્દ્રિયો કાપી નાંખી. મહારાજ પાસે પાછા આવ્યા તો મહારાજે વિમુખ કર્યા. પોતાની મેળે પરમહંસ થઈ બાર મહિના સત્સંગમાં ખૂબ રખડી પાછા મહારાજ પાસે ગયા તો મહારાજે કાઢી મૂક્યા. ગઢડામાં ઘેલાને કાંઠે કડકડતી ઠંડીમાં કીર્તનો ગાવા લાગ્યા. તે સાંભળી મહારાજે કહ્યું અમારો ઢોલિયો તણાય છે માટે તેમને દૂર કાઢો. કૂતરાને હડકારે તેમ તેમને હડકાર્યા છતાં મહારાજનો નિશ્ચય મૂક્યો નહિ. તે જોઈ મહારાજે રાજી થઈને મૂળજી અને કૃષ્ણજીને ભાગવતી દીક્ષા આપી.

**પ્ર.૩ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

૧. **સુવાસિની અને વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ (૧/૪-૫) સુવાસિની સ્ત્રીઓના વિશેષ ધર્મ :** સુવાસિની એટલે કે સધવા સ્ત્રીઓએ પોતાનો પતિ અંધ હોય, રોગી હોય, દરિદ્રી હોય, નપુંસક હોય તોપણ તેની સેવા કરવી અને પતિ પ્રત્યે કટુવચન ન બોલવું. તે સ્ત્રીઓએ રૂપવાન, યૌવનવાન અને ગુણવાન અન્ય પુરુષનો પ્રસંગ સામાન્ય સંજોગોમાં પણ ન રાખવો. પોતાના શીલની રક્ષા થાય તેમ વસ્ત્રો ધારણ કરવાં. વસ્ત્ર રહિત સ્નાન ન કરવું. નાટક-સિનેમા જેવા રસિક માર્ગનો ત્યાગ કરવો. સ્વૈરિણી (સ્વજ્ઞાતિ પુરુષોમાં આસક્ત તેમજ સ્વચ્છંદપણે વિહરતી), કામિની (સ્વ તથા પરજ્ઞાતિ પુરુષોમાં આસક્ત) પુંશ્ચલી (પોતાના સંબંધીજનોમાં પણ આસક્ત) સ્ત્રીઓનો પ્રસંગ ન રાખવો. પતિ પરદેશ હોય ત્યારે સુંદર વસ્ત્રાભૂષણ ન ધારવા તેમજ પરઘેર જવું નહિ. આનંદવિનોદના પ્રસંગનો ત્યાગ કરવો. આ સર્વ નિયમો સ્ત્રીઓના શીલની રક્ષા માટે અતિ મહત્ત્વના છે. **વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ :** વિધવા સ્ત્રીઓએ પોતાના ઈષ્ટદેવને વિષે પતિભાવ રાખી ભગવત્ પરાયણ જીવન જીવવું. વડીલોની આજ્ઞામાં રહેવું. વડીલ ન હોય ત્યારે પુત્રની આજ્ઞામાં રહેવું. નજીકનાં કુટુંબીજનો સિવાય અન્યનો પ્રસંગ રાખવો નહિ. અને સ્પર્શ પણ ન કરવો. નાના બાળકના સ્પર્શમાં દોષ નથી. પ્રસંગે વૃદ્ધ સાથે બોલવામાં તથા અડવામાં દોષ નથી. વિદ્યા નિમિત્તે પણ અન્ય પુરુષ સાથે પ્રસંગ ન રાખવો. દેહદમન કરી ભગવાનની પ્રસન્નતા માટે યત્ન કરવો. દેહનિર્વાહનો ખ્યાલ રાખી વધુ સંપત્તિ હોય તો જ ધર્મકાર્યમાં વાપરવી. પોતાના ધર્મની રક્ષા થાય તેવાં જ વસ્ત્રો ધારણ કરવાં, તેવી જ સ્ત્રીઓનો સંગ રાખવો. હોળીની રમત કે જેમાં સ્ત્રી-પુરુષ મર્યાદાનો લોપ થતો હોય તેવી રમતમાં ન જોડાવું. વિધવા અને સુવાસિની સ્ત્રીઓએ રજ:સ્વલા અવસ્થાના ધર્મ શાસ્ત્રાનુસાર અવશ્ય પાળવા. **અથવા**

૨. **કૃપાનંદ સ્વામી (૧૭/૫૨-૫૪)** પૂર્વ દેશમાં કનોજના બે બ્રાહ્મણ મુમુક્ષુઓ વાત કરી રહ્યા હતા. એકે કહ્યું, 'આ દેહે કરીને મારે તો ભગવાન ભજી લેવા છે.' બીજાએ કહ્યું, 'મારે પણ સંસારમાં રહેવું નથી, આ જન્મમાં હવે પંચવિષય ભોગવવા નથી.' ભગવાન ભજવાની તીવ્ર ઈચ્છાવાળા તેઓ બંને જગન્નાથપુરી ગયા. સેવા કરવાથી ભગવાન જરૂર દર્શન દેશે એવી ઈચ્છાથી કેટલાંક વરસો સુધી મંદિરની સેવા પૂજામાં પોતાનું જીવન વિતાવવા લાગ્યા. જગન્નાથપુરીમાં વર્ણીરૂપે મહારાજ પાસે સેવા કરાવવા જતા વૈરાગીઓને એકબીજા સાથે કલેશ થયો અને યુદ્ધ થયું તેમાં ઘણા બાવાઓ મરણને શરણ થયા. વર્ણી તો આગળ ચાલી નીકળ્યા પરંતુ ખપવાળા આ બે બ્રાહ્મણો પણ વૈરાગીઓમાં પરસ્પર કલેશ જોઈ ઉદાસ થઈ ચાલી નીકળ્યા. તેઓ દ્વારકા જતાં ભુજ આવ્યા. ત્યાં મહારાજ ભગવાનજીભાઈને ઘરે સદાવ્રત આપતા હતા. જગન્નાથપુરીમાં જે વર્ણીને જોયા હતા તે જ મનોહર મૂર્તિ મહારાજ ને જોતાં તેમને અપાર શાંતિ થઈ ગઈ. તેમણે મહારાજને વિનંતી કરી કે 'અમારે હવે દ્વારકા જવું નથી ને તમારી સેવામાં રહેવું છે માટે અમને દીક્ષા આપો.' ત્યારે મહારાજે કહ્યું, 'તમે શું સમજીને રહેશો ?' તેઓ બોલ્યા, 'તમે ભગવાન છો અને અડસઠ તીરથ તમારાં ચરણોમાં જ છે. જગન્નાથપૂરીમાં અમે તમને ઓળખી શક્યા નહિ પરંતુ કલ્યાણ

તમારી પાસે જ છે. એવી અમને પ્રતીતિ થઈ છે.' મહારાજે રાજી થઈને દીક્ષા આપી તેમાંના એકનું નામ તે કૃપાનંદ સ્વામી. કૃપાનંદ સ્વામીને શ્રીજીમહારાજ પ્રત્યે એવું અસાધારણ હેત હતું કે જ્યારે છૂટા પડવાનો પ્રસંગ આવે ત્યારે મહારાજના વિરહથી રૂંવાડે રૂંવાડે લોહીના ટશિયા ફૂટતા. એક વખત ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'તમને છૂટા પડતાં આવું દુઃખ થાય છે તો નાજા જોગિયા પાસે કહેવરાવો કે મહારાજ તમને પાસે રાખે.' કૃપાનંદ સ્વામી તરત બોલ્યા કે 'હું મહારાજને અંતર્યામી છે તેમ માનું છું.' આવી ઉચ્ચ સમજણની સ્થિતિવાળા તેઓ હતા. તેમનો મત એવો હતો કે જ્ઞાની થવું પણ પ્રેમી ન થવું. કારણ જ્ઞાન વિનાનો પ્રેમ અનેક વિઘ્ન કરાવે. તેઓએ નિર્ણય કરી રાખ્યો હતો કે ગળામાં ઊની કોશ ઘાલે અને જેવું દુઃખ થાય તેવું દુઃખ મહારાજની આજ્ઞા લોપવાથી થવું જોઈએ.' તેમને પંચવિષયમાં અતિશય અરુચિ હતી. દેહનો સંપૂર્ણ અનાદર હતો તેથી લોકના કોઈ જ પદાર્થ તેમને બંધન કરી શકતા નહિ. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે, 'બીજાને તો પદાર્થે કરીને રાજી કરાય પરંતુ મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી અને કૃપાનંદ સ્વામી કોઈ રીતે પદાર્થથી રાજી ન થાય. તેમની આગળ તો દીન થઈએ તો જ જિતાય.' ગુણાતીતાનંદ સ્વામી કૃપાનંદ સ્વામીનાં મંડળમાં ઘણું રહ્યા હતા તેથી તેમના માટે આવો ઉચ્ચ અભિપ્રાય તેઓને હતો. કૃપાનંદ સ્વામીના મંડળમાં સૌને સહેજે જ નિયમ ધર્મની દ્રઢતા રહેતી. એકવાર કૃપાનંદ સ્વામીને સર્પ કરડી ગયો ત્યારે તેમણે દવા કરાવવાને બદલે સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરવાનું કહ્યું. ભજનથી તેમને સર્પનું ઝેર ઊતરી ગયું. કૃપાનંદ સ્વામી સમાધિ વિના પણ સ્મૃતિથી, ધ્યાનથી, જ્ઞાનથી મહારાજના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખતા. આવા ઉચ્ચ સ્થિતિવાળા સંતનો સમાગમ કરીએ તો મહારાજનો હૃદગત અભિપ્રાય જાણી શકાય.

૩. **સાધુ (૫/૧૩-૧૫)** સ્વામિનારાયણ ભગવાને મુમુક્ષુ હરિભક્તોને સાધુની દીક્ષાના અધિકારી ગણ્યા છે. અષ્ટ પ્રકારે બ્રહ્મચર્યવ્રતધારી અને ધનના ત્યાગી સંતોની સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલી પરંપરાએ સમાજમાં નિરાળી છાપ પાડી છે. જગતના તમામ કલેશનું મૂળ સ્ત્રી-ધન હોવાથી શ્રીજીમહારાજે સ્ત્રી-ધનના ત્યાગી એવા આદર્શ સંતોને સમાજ સમક્ષ મૂક્યા. શ્રીજીમહારાજે આવા સ્ત્રી ધનના ત્યાગીઓ વિષે કહે છે 'જો ત્યાગી થઈને કોડી જેટલું દ્રવ્ય પોતાનું કરીને રાખે અથવા રખાવે તો તેને દસ હજાર ગાયો માર્યાનું પાપ લાગે છે.' ભૂતકાળમાં વશિષ્ઠ, સહસ્ત્રાર્જુન, વિશ્વામિત્ર, પરાશર, સૌભરિ, ચ્યવન વગેરે ઋષિઓનું સ્ત્રી અને દ્રવ્યના ક્ષણમાત્રના યોગે કરીને પતન થયું અને ભ્રષ્ટ થયા. સ્ત્રીનો સ્પર્શ થાય તો ત્યાગી સાધુને પ્રાયશ્ચિતરૂપે સ્નાન કરીને ઉપવાસ કર્યાથી શુદ્ધિ થાય છે. તેમજ જો દ્રવ્યનો સ્પર્શ થતાં ધૂળથી હાથ ધોવાથી પવિત્ર થાય છે. આ સાધુને હરવા ફરવામાં જોડમાં જ રહેવાનું હોય છે. જો એકાંતમાં અથવા કોઈ કારણોસર એકલા રહેવાઈ જવાય તો ઉપવાસ કર્યાથી ત્યાગી સાધુ શુદ્ધ થાય છે. ત્યાગી સાધુને ધર્મામૃત ગ્રંથમાં જણાવ્યા પ્રમાણે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્નેહ, નિઃસ્વાદ એ પંચ વર્તમાન તથા નિષ્કામશુદ્ધિ તથા શિક્ષાપત્રીના નિયમોનું પાલન કરવું અતિ આવશ્યક છે. પંચવર્તમાનરૂપ ધર્મમર્યાદામાં સારધાર રહીને, પોતાના આત્માને બ્રહ્મરૂપ માની, શ્રીજી મહારાજનું ભજન કરતા હોય તેવા સાધુ આદર્શરૂપ છે. સીવ્યા વગરનાં ભગવાં વસ્ત્રો ધોતિયું, ઉત્તરીય વસ્ત્ર માથે રૂમાલની પાઘ ધારણ કરનાર સ્વામિનારાયણીય સંતો તરત જ ઓળખાઈ જાય છે. ભગવાન સ્વામિનારાયણે બતાવેલી પંચવર્તમાનની મર્યાદામાં રહીને સાધુ શુદ્ધ વર્તન રાખી ભગવત્પરાયણ જીવન જીવે છે અને હરિભક્તોને ધર્મોપદેશ આપી ધર્મમર્યાદામાં રાખે છે. સાધુ સત્સંગનો આધારસ્તંભ છે, જે દ્વારા સત્સંગ સમાજનું પોષણ થાય છે. તેમનાં ગામોગામ વિચરણથી ધર્મ-ભક્તિ, જ્ઞાન, સાચી સમજણ મુમુક્ષુ હરિભક્તોને આવે છે. હરિભક્તો જાગ્રત રહે છે. શ્રીજીમહારાજના સમયમાં પાંચસો નૈષ્ઠિક વ્રતધારી પરમહંસ સાધુ સમાજે અનેકવિધ કષ્ટો સહન કરી ગુજરાતની પ્રજાને વહેમ, વ્યસન, કુરિવાજ વગેરેના જાળામાંથી મુક્ત કરી સાચો ભક્તિમાર્ગ બતાવ્યો અને ગુજરાતનાં ગામડે ગામડે સ્વામિનારાયણનો વિજય-ધ્વજ ફરકાવ્યો છે. ત્યારથી આજ સુધી એ કાર્ય સ્વામિનારાયણના સાચા સાધુઓએ માન-અપમાનની કોઈ પણ અપેક્ષાથી પર રહીને ચાલું રાખ્યું છે. **અથવા**

૪. **માનસી પૂજા (૧૪/૪૩-૪૫)** માનસી પૂજા એટલે શ્રીજીમહારાજના આદેશ મુજબ ''મને કરીને કલ્પ્યા જે ચંદન-પુષ્પાદિક ઉપચાર તેણે કરીને ભગવાનની પૂજા કરવી તે માનસી પૂજા.'' મહિમાએ સહિત રોમાંચિત ગાત્રે કરીને કરેલી પ્રત્યક્ષ પૂજા કે માાનસી પૂજા બંનેનું ગૌરવ સરખું છે. (સા.૩) પોતાના આત્માની અક્ષરબ્રહ્મ સંગાથે એકતા કરીને 'હું અક્ષર છું, બ્રહ્મ છું ને મારે વિષે ત્રણ દેહ, ત્રણ ગુણ અને ત્રણ અવસ્થાની ઉપાધિ નથી.' તેમ માનીને પાંચ સમયની માનસી પૂજા કરવી જોઈએ. (૧) મંગળા તથા શણગાર આરતી સમયની માનસી પૂજામાં ભગવાનને નિત્યકર્મ કરાવી, શણગાર ધરાવી થાળ કરવો. (૨) રાજભોગ આરતી સમયે મહારાજને ભાવતાં ભોજન, જળ અને મુખવાસ ધરાવી પોઢાડવા. (૩) મધ્યાહન પછીની માનસી પૂજામાં મહારાજને મુખ ધોવા જળ આપી ફળફળાદિ ધરાવવાં. (૪) સંધ્યા સમયે કથારસનું પાન કરાવી રહેલા મહારાજ તથા આરતી વગેરેનું ચિંતવન કરી થાળ કરવો. (૫) રાત્રે કથા તથા સ્વાભાવિક ચેષ્ટા કરી મહારાજને પોઢાડવા. ઋતુ અનુસાર વસ્ત્રો અને ફળફળાદિક ધરાવવા ભગવાન સાથે તેમના ઉત્તમ ભક્તની તથા ગુરુ પરંપરાની માનસી પૂજા કરવી તે શાસ્ત્રસંમત છે.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધઃ અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. પુરુષોત્તમના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય ક્યારે થાય છે ? (૩૧/૯૧)

જ. પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતના સેવા સમાગમે કરીને પુરુષોત્તમના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થાય છે.

૨. ગુણાતીતાનંદ સ્વામીના કહ્યા પ્રમાણે કયા ત્રણ દોષ સત્સંગમાંથી પાડે ? (૭/૧૭)

જ. ગુણાતીતાનંદ સ્વામીના કહ્યા પ્રમાણે હઠ, માન અને ઈર્ષા એ ત્રણ દોષ સત્સંગમાંથી પાડે છે.

૩. ઉપાસના એટલે શું ? (૨૩/૬૮)

જ. ઉપાસના એટલે ભગવાનની સમીપમાં રહેવું અર્થાત્ હંમેશા ભગવાનના સામીપ્યનો અનુભવ કરવો તેનું નામ ઉપાસના.

૪. ગણપતિજી કેમ મૂંઝાયા ? (૨૨/૬૬)

જ. પૃથ્વીની પ્રદક્ષિણા કરવાની હતી તો ગણપતિજી તો શરીરે જાડા અને તેમનું વાહન ઉંદર તેથી પ્રદક્ષિણા કેમ થશે ? તેથી ગણપતિજી મૂંઝાયા.

૫. કોણે સ્ત્રીઓની સભામાં વાત કરવા જવાની ના પાડી ? (૧/૬)

જ. નિષ્કુળાનંદ સ્વામીએ સ્ત્રીઓની સભામાં વાત કરવા જવાની ના પાડી.

૬. ચિત્રકેતુ રાજાને ત્યાં કયા ઋષિ આવ્યા ? (૨૭/૭૯)

જ. ચિત્રકેતુ રાજાને ત્યાં અંગિરા ઋષિ આવ્યા.

**પ્ર.૫** '' દુઃખ કોઈ માનશો.....'' (૨૭/૮૦) - **સ્વામીની વાત પૂરી કરી તેનું નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- સ્વામીની વાત પૂરી સાચી લખી હોય તો ૧ ગુણ, નિરૂપણના ૪ ગુણ.**

**"દુઃખ કોઈ માનશો નહિ ને જે જોઈએ તે આપણને મળ્યું છે ને ઝાઝા રૂપિયા આપે તો પ્રભુ ભજાય નહીં તે સારુ આપતા નથી."**

આ વાતમાં મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી આપણને સમજાવે છે કે જે કાંઈ આપણા પ્રારબ્ધમાં છે તે ભગવાને આપ્યું છે અન્ન, વસ્ત્ર મળે છે અને સુખેથી સંતના આશરે ભગવાન ભજાય છે. તેનાથી સંતોષ માની વધારે દ્રવ્યની અપેક્ષા રાખવી નહિ. જો ભગવાન વધુ ધન આપે તો આપણે વ્યવહારમાં ડૂબી જઈએ અને ભગવાનને ભૂલી જઈએ છીએ. એક દૃષ્ટાંત છે. એક શેઠ બહુ જ ધનાઢ્ય. તેમને બધી વાતનું સુખ, દુઃખ જ નહિ. તેમની બાજુમાં એક ગરીબનું ઝુપડું હતું. તે રોજે રોજ કમાય તેમાંથી તેનો નિર્વાહ કરે, ભજન ભક્તિ કરે અને સુખેથી દિવસ પસાર કરે. તેને બીજા દિવસની કોઈજ ચિંતા નહીં. તેથી શેઠાણી ને થયું કે આ ગરીબ છે છતાં સુખી કેમ છે ? તેમને શેઠે કહ્યું, 'તેને જે મળે છે તેનાથી સંતોષ માને છે. ઝાઝા દ્રવ્યની ચિંતા કરતો નથી તેથી સુખી છે.' પરંતુ શેઠાણીને આ ઉત્તરથી સંતોષ ન થયો અને કહે, 'પૈસા ન હોય અને શાંતિથી રહે તેવું હોય નહિ.' પછી શેઠે એક કોથળીમાં નવ્વાણું રૂપિયા ભરી તેની ઝુંપડીમાં એ કોથળી નાંખી. સવારે તે ગરીબ ભગતે જોઈ અને ત્યારથી તેને વિચાર થયો કે જો આ થેલીમાં એક રૂપિયો ઉમેરું તો સો પુરા થઈ જાય. એ દિવસથી તે જે કમાણી કરતો તેમાંથી બે પૈસા બચાવી ભેગા કરવા લાગ્યો. થોડા જ વખતમાં સો રૂપિયા પૂરા થયા. પછી તો બસો કેમ થાય ? એમ વિચારવા લાગ્યો તેની ઉંઘ હરામ થઈ અને ભજનનું સુખ પણ ગયું. શેઠે શેઠાણીને કહ્યું, 'આમ નવ્વાણુનો ધક્કો લાગે તો સુખ હરામ થઈ જાય.' આથી ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે આપણને જે કાંઈ મળ્યું છે તેનાથી સંતોષ માનવો. ઝાઝા રૂપિયા મળવાથી વ્યવહાર વધે તેથી સુખશાંતિ રહે નહિ અને ભગવાન પણ સાંભરે નહિ. માટે ભગવાનની કૃપાથી જે મળે તેમાં સંતોષ રાખી ભક્તિ કરીએ તો અંતરમાં સુખ રહે.

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ : - જવાબમાં આપેલાં અંક કોઈપણ ક્રમમાં લખેલા હોય તો અને જેટલા સાચા હોય તેટલા ગુણ આપવા.**

**વિષય : સુરાખાચર (૨૫/૭૪, ૭૬-૭૭)  ફક્ત નંબર :-** ૨ | ૫ | ૭ | ૯ | ૧૦

**પ્ર.૭ નીચે આપેલી પંક્તિ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કીર્તન અડધું સાચું હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણા, ગીધ ગુણિકા કપિવૃંદ કોટિ,<br>વ્રજ તણી નાર વ્યભિચાર ભાવે તરી, પ્રગટ ઉપાસના સૌથી મોટી. (૬/૧૬)

૨. પછી બોલિયા શ્યામસુંદર, જાઓ આપ્યો તમને એ વર; મારી માયામાં નહિ મૂંઝાઓ, દેહાદિકમાં નહિ બંધાઓ.<br>મારી ક્રિયામાં નહિ આવે દોષ, મને સમજશો સદા અદોષ; એમ કહ્યું થઈ રળિયાત, સહુએ સત્ય કરી માની વાત. (૨૬/૭૮)

૩. શિર પર પુષ્પનો મુગટ સોહામણો, શ્રવણ પર પુષ્પના ગુચ્છ શોભે,<br>પુષ્પના હારની પંક્તિ શોભે ગળે, નીરખતાં ભક્તના મન લોભે. (૬/૧૬)

૪. વહાલા તારા દંત દાડમના બીજ ચતુરાઈ ચાવતા રે લોલ,<br>વહાલા મારા પ્રાણ હરો છો નાથ મીઠું મીઠું ગાવતા રે લોલ.<br>વહાલા તારે હસવે હરાણું ચિત્ત બીજું હવે નવ ગમે રે લોલ,<br>મન મારું પ્રેમસખીના નાથ કે તમ કેડે ભમે રે લોલ. (૨૧/૬૩-૬૪)

**પ્ર.૮ નીચે આપેલાં જનમંગલનામાવલિ / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- જનમંગલનામાવલિ / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. જનમંગલસ્તોત્રમ્ : મરુત્સુતપ્રિયાય નમઃ, કાલીભૈરવાદ્યતિભીષણાય નમઃ, જીતેન્દ્રિયાય નમઃ, જીતાહારાય નમઃ, તીવ્રવૈરાગ્યાય નમઃ, આસ્તિકાય નમઃ, યોગેશ્વરાય નમઃ, યોગકલાપ્રવૃત્તયે નમઃ (૧૫/૪૬-૪૭)

૨. निजात्मानं ब्रह्मरूपं देहत्रय विलक्षणम् । विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥ (૩૨/૯૧)

૩. **ગુજરાતી ભાષાંતર :** પોતામાં ભક્તિવાળા ભક્તજનોની શિક્ષાને અર્થે સંપૂર્ણ એકાંતિક ધર્મ તથા અષ્ટાંગ યોગની સકળ કળાઓના તેમજ અહિંસા, બ્રહ્મચર્યાદિ મહાવ્રતોને પોતાના આચરણથી પોતાના ભક્તોને શીખવવા અભ્યાસ કરતા એવા ભક્તિ તથા ધર્મના પુત્ર ! આપને હું શરણે જાઉં છું. (૯/૨૪)

**(વિભાગ - ૨ ગુણાતીતાનંદ સ્વામી, નવમી આવૃત્તિ, ઑગસ્ટ - ૨૦૧૦)**

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ **નોંધ : કોણ કહે છે - ૧ ગુણ, કોને કહે છે - ૧ ગુણ, ક્યારે કહે છે - ૧ ગુણ.**

૧. ‘‘અમારે સ્ત્રી-દ્રવ્યનો ત્યાગ છે તેથી આ મહંતાઈ ટકી છે.’’ (૪૩/૬૯)

➭ સ્વામી (ગુણાતીતાનંદ સ્વામી) - મહંતને (તરણેતરના મહંતને)

➭ સ્વામીની ઝોળી જોઈને તેમજ આવા નિઃસ્પૃહી સંતને જોઈને આશ્ચર્ય પામેલા મહંતને સ્વામી કહે છે.

૨. ‘‘બહુ આગળ વધી જશો.’’ (૬/૧૭)

➭ મુક્તાનંદ સ્વામી - ગુણાતીતાનંદ સ્વામીને (નાના સંતને)

➭ જેતલપુરમાં ગુણાતીતાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીની જેમ જ કાંકરાવાળી જમીન ઉપર પાથર્યા વગર સુવાની તૈયારી કરી. ત્યારે કહે છે.

૩. ‘‘બસો સાધુમાં વૃત્તિના નિરોધવાળા એક તમે જ નીકળ્યા.’’ (૮/૨૧)

➭ મુક્તાનંદ સ્વામી - ગુણાતીતાનંદ સ્વામીને

➭ મુક્તાનંદ સ્વામીએ એક રાત્રે કથાપ્રસંગે સૌ સંતોને પૂછ્યું સામેના મકાનમાં વાંદરા તરફ જેની દૃષ્ટિ ન ગઈ હોય તે ઉભા થાય. ત્યારે ૨૦૦ સંતોમાંથી ફક્ત એક ગુણાતીતાનંદ સ્વામી હાથ જોડીને ઊભા થયા ત્યારે કહે છે.

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (નવેક લીટીમાં) (કુલ ગુણ : ૯)**

૧. **ગુણાતીતાનંદ સ્વામીએ નિશ્ચય કર્યો કે મહારાજના મહિમાની વાતો કરવી. (૧૧/૨૬)** એકવાર ગઢડામાં સ્વામીએ મહારાજને ચાર પ્રશ્નો પૂછ્યા. ભગવાનનું અખંડ ધ્યાન કરવું, આત્મારૂપે વર્તવું, માંદાની સેવા કરવી અને વાતો કરવી - આ ચાર સાધનમાં ક્યું સાધન શ્રેષ્ઠ છે ? આ પ્રશ્ન મહારાજે સૌ સંતોને પૂછ્યો. સૌએ પોતાની રુચિ પ્રમાણે જવાબ આપ્યો. છેલ્લે મહારાજે પોતાનો અભિપ્રાય આપ્યો કે ‘વાતો કરવી શ્રેષ્ઠ છે.’ પહેલાં ત્રણ સાધન માત્ર પોતાના કલ્યાણ માટે જ છે જ્યારે છેલ્લો ઉપાય શ્રોતા અને વક્તા બંને માટે કલ્યાણકારી છે. આ પ્રસંગથી સ્વામીએ નિશ્ચય કર્યો કે મહારાજના મહિમાની વાતો કરવી.

૨. **આત્માનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને પત્તરની પ્રસાદી ન આપી. (૪૨/૬૮)** ભાઈ આત્માનંદ સ્વામી ૧૧૬ વર્ષના થયા. છતાં મહારાજ તેમને ધામમાં કેમ તેડી જતાં નથી ? તેવું તેમણે સ્વામીશ્રીને પૂછ્યું ત્યારે સ્વામીશ્રીએ કહ્યું મહારાજનું સ્વરૂપ સમજવામાં કસર રહી જતી હશે એમ કહી શ્રીજીમહારાજ સર્વોપરી, સર્વ અવતારના અવતારી પુરુષોત્તમનારાયણ છે. બ્રહ્મરૂપ થયા વિના તેમની ભક્તિનો અધિકાર મળતો નથી, વગેરે ઉપાસના સંબંધી વાતો વચનામૃતની સાખે સમજાવી. સ્વામીનાં વચને આત્માનંદ સ્વામીને મહારાજનો યથાર્થ નિશ્ચય થયો. સ્વામીનો પણ મહિમા સમજાયો. સ્વામીએ હંમેશ મુજબ આત્માનંદ સ્વામી પાસે પત્તરની પ્રસાદી માગી ત્યારે સ્વામીએ કહ્યું અવળી ગંગા ન હોય. આજ સુધી મેં અજાણમાં મારા પત્તરની પ્રસાદી તમને આપી પણ આજે તમારો જેમ છે તેમ મહિમા સમજાયો છે.

૩. **ઘનશ્યામદાસે કહ્યું, ‘હવે તમે અક્ષર સાચા’ (૩૦/૫૧-૫૨)** એક વખત ઘનશ્યામદાસ સભામંડપમાં ધ્યાન કરવા બેઠા હતા. પાસે સ્વામી બેઠા હતા તે થોડી વારે સ્વામીએ કહ્યું : ‘ધ્યાન કરો છો કે ગોટા વાળો છો ?’ સ્વામી ! કાણું માથે તૂત નાખો છો ? ધ્યાનમાંથી જાગી ઘનશ્યામદાસે કહ્યું. એટલે સ્વામી હસ્યા અને બોલ્યા : ‘તમે ધ્યાન કરતા હતા કે ગઢડામાં ધોળા તલકાવાળી ભેંસના માથે હાથ ફેરવતા હતા ? ઘનશ્યામદાસ તો આ સાંભળી અવાક્ બની ગયા. તેઓ ધ્યાનમાં ખરેખર ગઢડા પહોંચી ગયા હતા. તેથી એકદમ ઊભા થઈ સ્વામીના પગમાં પડી ગયા અને ગદ્ગદ થઈ બોલ્યા : ‘સ્વામી મારા અંતરમાં ઊંડે ઊંડે એવો ભાવ હતો કે તમે હજુ ખંડિયા છો પણ આજે નિશ્ચય થયો કે તમો ખરા ચક્રવર્તી છો અને મહારાજનું સાક્ષાત્ સ્વરૂપ છો. હવે તમે અક્ષર સાચા !’

૪. **ગુણાતીતાનંદ સ્વામીએ પોતાના ભાગનો લાડુ બીજા સાધુને આપી દીધો. (૨૦/૩૬)** મહારાજ સંઘ સાથે ગઢડાથી વરતાલ જતા હતા ત્યારે બરવાળામાં દરેક સંતોને મહારાજે પાકનો લાડુ આપ્યો હતો. મહારાજ બરવાળાથી નીકળ્યા તે સમયે રસ્તામાં પળેપળે મહારાજનાં દર્શનની તાલાવેલીથી મહારાજ સન્મુખ રહીને દોડવાથી મહારાજનાં દર્શનનો લાભ મળે તે માટે જોડમાં દોડનાર પણ એક સાધુ જોઈએ તે માટે પોતાની સાથે દોડવા તૈયાર થનાર સાધુને પોતાના ભાગનો સ્વામીએ પાકનો લાડુ આપી દીધો અને પોતે મહારાજની સન્મુખ ખેતરોમાં, કાંટાઓમાં દેહની દરકાર કર્યા વગર દોડતા જાય ને મહારાજનાં દર્શન કરતા જતા હતા. મહારાજ પણ તેમની અસીમ શ્રદ્ધા જોઈને હસતા જતા હતા.

**પ્ર.૧૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

૧. **નિર્માનિતા (૩૩/૫૭-૫૯)** (૧) સંવત ૧૯૧૩ની સાલમાં કાર્તિકી પૂનમનો સમૈયો વરતાલમાં કરી ગુણાતીતાનંદ સ્વામી ખંભાતના કોઠારી અંબાવીદાસ અને હરિભક્તોના આગ્રહથી ખંભાત પધાર્યા. સૌ હરિભક્તો નવાબ સાહેબનો રૂપાનો મ્યાનો લાવીને વાજતે-ગાજતે સ્વામીનું સ્વાગત કરવા આવ્યા. સ્વામીને રૂપાના મ્યાનામાં બેસવાનો આગ્રહ કર્યો, પરંતુ સ્વામીએ ના પાડી. હરિભક્તોએ આગ્રહ કરતાં કહ્યું, 'આપ જો નહિ બેસો તો હિંદુ ઉપર નવાબને અભાવ છે તે વધશે અને આપ જેવાનો અવગુણ આવશે.' સ્વામીએ જવાબ આપ્યો : 'અવગુણ આવવો ન આવવો એના હાથમાં નથી. પણ અમે બેસીશું નહિ.' પછી સ્વામી સિગરામમાં બેઠા ત્યારે નગરજનો સ્વામીના દર્શન કરીને બોલતા કે 'જોગી મોટા દેખાય છે. પણ ફાટેલ ગોદડી તેમને શોભવા દેતી નથી.' આ સાંભળી સ્વામી હસવા લાગ્યાને પાસે ચાલતા હરિજનોને કહ્યું. 'આ તો ચીંથરે વીંટેલ રતન છે.' નવાબને પણ જાણ થઈ કે સ્વામી મ્યાનામાં બેઠા નથી ને સિગરામમાં બેઠા છે. તેથી તેણે પૂછ્યું, 'એવા એ કોણ છે ? ક્યાંના છે ?' જે રૂપાના મ્યાનામાં ન બેઠા અને સાદા સિગરામમાં બેઠા ! સ્વામીએ નવાબ સાહેબ પાસે કુરાનમાંથી ઘણી વાતો કરી. ત્યારે કોઈકે કહ્યું, 'એ તો જૂનાગઢના ગિરનારી સિદ્ધ અને બડા સમર્થ ઓલિયા પુરુષ છે.' તે સાંભળી નવાબ પણ ઉત્કંઠાથી સ્વામીનાં દર્શને આવ્યા. નવાબ સાહેબ રાજી થઈને સ્વામીનાં ચરણોમાં નમી પડ્યા. આમ, સ્વામીની નિર્માનિતાથી નવાબ સાહેબને અવગુણ આવવાને બદલે ગુણ આવ્યો ને સંતોને સુતરફેણીની રસોઈ આપી, સ્વામીની ઘણી સેવા કરી.

(૨) ધોળેરાના મહંત વાસુદેવચરણદાસને વ્યવહારિક કારણસર મૂંઝવણ થતી હતી. સ્વામી ફરતાં ફરતાં ધોળેરા પધાર્યા એટલે તેમનાં દર્શનથી એમને શાંતિ થઈ. સ્વામી પાસે નિષ્કપટ થઈને મનની વાત કરી. ત્યારે સ્વામીએ કહ્યું : 'શાંતિ જોઈતી હોય તો અમારી સાથે જૂનાગઢ ચાલો.' પછી સ્વામીએ એમને શેરડીનાં માદળિયાં ખોબો ભરીને આપ્યાં. તે પ્રસાદી તેઓ જમ્યા ત્યાં અર્ધી શાંતિ થઈ ગઈ. પછી સ્વામી સાથે ગઢડા અને ઊના દેશમાં ફરતાં જૂનાગઢ આવ્યા. અહીંથી તેમના મંડળના સંતો પંચતીર્થી કરવા ગયા અને સ્વામીએ તેમને ચંપાનું પ્રસાદીનું ફૂલ આપી કહ્યું કે 'આ ફૂલ સૂંઘો, તેમાં તીર્થમાત્ર આવી ગયા. સ્વામીની આજ્ઞાથી માત્ર ફૂલ સૂંઘવાથી જ તેમને અલૌકિક શાંતિનો અનુભવ થયો. પછી તો સ્વામીના પ્રત્યક્ષ દર્શન-સમાગમથી જ એમને અંતરમાં અખંડ શાંતિનો અનુભવ રહેવા લાગ્યો. પોતાના મંડળના સંતો પાછા આવતા સ્વામીની આજ્ઞા મળતાં તેઓ રાજી થકા ધોળેરા પાછા ગયા. આમ સ્વામીના સંબંધમાં આવનાર અનેક મુમુક્ષુને સ્વામીના સ્વરૂપનો યર્થાથ મહિમા સમજાતાં, શાશ્વત શાંતિનો અનુભવ થતો. **નોંધ : પરીક્ષાર્થીએ કોઈ પણ એક પ્રસંગ લખ્યો હોય તો પણ પૂરા ગુણ આપવા.**

૨. **અમદાવાદમાં સન્માન (૪૯/૭૮-૭૯)** સંવત ૧૯૨૩માં હરિજયંતીના સમૈયા ઉપર સ્વામી વરતાલ આવવા નીકળ્યા. અમદાવાદ નજીક આવ્યા ત્યારે ખબર પડી કે આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ બિમાર છે ઘણી અશાંતિ રહેછે તેથી સ્વામીને ખાસ તેડાવે છે. આચાર્ય મહારાજે સ્વામી માટે હાથી, ગાડીઓ, સંતો હરિભક્તો અને કેશવપ્રસાદજી મહારાજને સામે મોકલી સ્વામીનું ભારે સામૈયું કરાવ્યું મંદિરે દર્શન કરી સ્વામી અયોધ્યાપ્રસાદજી મહારાજને મળવા પધાર્યા. સ્વામીનાં દર્શનથી જ આચાર્ય મહારાજને અંતરમાં ખુબ શાંતિ થઈ. સ્વામીની આજ્ઞાથી તેમણે ખોરાક લીધો. હરિજયંતીનો સમૈયો અમદાવાદ કરવા આચાર્ય મહારાજે સ્વામીને આગ્રહપૂર્વક વિનંતી કરી. સમૈયાની આ સભામાં મહારાજના પુરુષોત્તમપણાની સચોટ વાતો કરી. તેથી અમદાવાદના સંતો તેમજ કેશવપ્રસાદજી મહારાજ ઘણા રાજી થયા. સ્વામીએ કેશવપ્રસાદજી મહારાજને લાંબા વાળ, મૂછો, નાટક-ચેટક વગેરે રજોગુણ છોડીને આચાર્યના ધર્મ સાચવવા અંગે હેતપૂર્વક ઘણી વાતો કરી. આચાર્ય મહારાજના ભાવભર્યા આમંત્રણથી જૂનાગઢના સંતો સાથે સ્વામી બીજે દિવસે એમની હવેલીમાં જમવા પધાર્યા. આચાર્ય મહારાજે સ્વામીને ચાંદીના થાળમાં જમવા ખૂબ આગ્રહ કર્યો, પરંતુ શ્રીજી મહારાજની આજ્ઞા અનુસાર નિયમ ધર્મના આગ્રહી સ્વામીએ તો પત્તરમાં જ જમવાનો આગ્રહ રાખ્યો. આચાર્ય મહારાજના અતિશય આગ્રહથી સ્વામીએ લાકડાનું પત્તર ચાંદીના થાળમાં મૂક્યું અને તે પત્તરમાં જ જમ્યા પરંતુ મહારાજની આજ્ઞામાં રંચમાત્ર પણ ફેર પડવા દીધો નહિ. વિવિધ પ્રકારનાં ભોજન પીરસાયાં આચાર્ય મહારાજે ઘણા સમ દીધા પણ સ્વામી આ ભોજનમાંનું કાંઇ જમ્યા નહિ. બાળમુકુંદ સ્વામીએ અગાઉથી રોટલો તૈયાર રાખેલ તે મગની દાળ અને રોટલો જ સ્વામી જમ્યા.

૩. **'જીવની અવળાઈ' (૪૧/૬૬-૬૭)** સ્વામીના સમાગમથી કેટલાય હરિભક્તોને વૈરાગ્યની ચટકી ચડી જતી. સંસાર ઝેર જેવો લાગતો. ભાયાવદરના હંસરાજ પટેલનો દીકરો વસ્તો સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ આવતો. તે સ્વામીની વાતોમાં લીન થતાં મુખ પર દિવ્ય આનંદ છવાઈ જતો. પણ સ્વામી તેને ભાયાવદર પાછો મોકલી દેતા. વળી પાછો જૂનાગઢ આવી જતો. એકવાર તેના પિતા તેને લેવા જૂનાગઢ આવ્યા. વસ્તાએ ઘેર જવાની ના પાડી. તેને સાધુ થવું હતું. પણ હંસરાજભાઈએ સાધુ થવાની ના પાડી. વસ્તાને પરાણે ઘેર લઈ ગયા. આ વખતે હંસરાજભાઈએ વસ્તાના બે પગ લાકડાની હેડ્યમાં બાંધી રાખ્યા ને ઓરડાને તાળું મારી પૂરી દીધો. વસ્તો સ્વામિનારાયણ ભજન કરવા લાગ્યો. સ્વામી ત્યાં પ્રગટ થયા. તેણે સ્વામીને જૂનાગઢ લઈ જવા વિનંતી કરી. સ્વામીની દષ્ટિથી તે નિરાવરણ બની ગયો. સ્વામીની પાછળ ચાલવા લાગ્યો. સવારે જૂનાગઢ સ્વામીને પ્રત્યક્ષ જોઈને દંડવત્ કર્યા. મંદિરની સેવા કરવા લાગ્યો. સવારે હંસરાજભાઈએ ઓરડો ખોલ્યો. તે હેડ્ય વાસેલી પડેલી પણ વસ્તો નહિ. તે જૂનાગઢ સ્વામી પાસે આવ્યા. સ્વામીએ સમજાવ્યું કે વસ્તાને ભગવાન ભજવા ધો, વસ્તો દેહ મૂકી દેશે તો શું કરશો ?' પણ હંસરાજ પટેલ માન્યા નહિ અને વસ્તાને ઘેર લઈ જવાનો જ આગ્રહ રાખ્યો. આખી રાત ધાણી ફૂટે તેવો તાવ આવ્યો અને સવારે વસ્તાએ દેહ મૂકી દીધો. હંસરાજ પટેલ વીલે મોઢે ઘેર પાછા આવ્યા.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબના ગુણ આપવા નહીં.**

૧. જસા ભગતને દુઃખ કેમ આવ્યું ? (૩૫/૬૧)

જ. જસા ભગત સમૈયે ન આવતા અને ધર્માદો ન આપતા તેથી દુઃખ આવ્યું.

૨. દેવાનંદ સ્વામીએ રાજી થઈને ગુણાતીતાનંદ સ્વામીને શું ભેટ આપવા કહ્યું ? (૧૭/૩૨)

જ. દેવાનંદ સ્વામીએ રાજી થઈને ગુણાતીતાનંદ સ્વામીને મહારાજની પ્રસાદીની ડગલી ભેટ આપવા તેમજ તેમની ગાનવિદ્યા શીખવવાની ઈચ્છા વ્યક્ત કરી.

૩. ગુણાતીતાનંદ સ્વામીની શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાની વાતો સાંભળી રાજી થઈ ગોપાળાનંદ સ્વામી શું કહેતા ? (૨૯/૪૯-૫૦)

જ. અહો ! સ્વામી તો સાક્ષાત્ અક્ષરબ્રહ્મનો અવતાર એટલે તેમને વેદની તંતી આડી આવે જ નહિ.

૪. અંતિમ મંદવાડમાં ગુણાતીતાનંદ સ્વામીને જોઈ શ્રીજીમહારાજ શું બોલ્યા? (૨૬/૪૫)

જ. 'મીઠા વ્હાલા કેમ વિસરો, મારું તમથી બાંધેલ તન હો, તરસ્યાને જેમ પાણીડું વ્હાલું, ભૂખ્યાને ભોજન હો. મીઠા.....

૫. કારિયાણીમાં કેટલા સંતો માંદા પડ્યા ? (૧૨/૨૭)

જ. કારિયાણીમાં ઓગણીસ સંતો માંદા પડ્યા.

૬. વરતાલમાં ગુણાતીતાનંદ સ્વામીના અપમાન વખતે કોણે પડકાર કર્યો ? (૪૮/૭૭)

જ. વરતાલમાં ગુણાતીતાનંદ સ્વામીના અપમાન વખતે (સીંજીવાડાના) પ્રભુદાસે પડકાર કર્યો.

**પ્ર.૧૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :-આ જ ભાવાર્થ હોવો જરૂરી નથી. પરીક્ષકે વિષયને અનુરૂપ ભાવાર્થ છે કે નહીં તે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. પ્રસંગ વર્ણનનાં ૩ ગુણ અને ભાવાર્થનો ૧ ગુણ.**

૧. **સૂક્ષ્મતપ (૧૬/૩૦-૩૨) (૧)** સ્વામીને દેહનો અનાદર હતો તેથી પોતાના દેહને કષ્ટ આપવામાં ટેવાઈ ગયા હતા. પોતે જે મંડળમાં જાય ત્યાં ઝોળી માંગવા જાય અને ભિક્ષામાં જે કાંઈ અન્ન મળે તેમાંથી મંડળના મોટેરા સદગુરુ તેમજ બીજા સાધુઓને જમાડી છેલ્લે જે કાંઈ બાકી વધે તે પોતે જમી લેતા. કોઈ કોઈ વખત તો ભૂખ્યા રહેવું પડે છતાં કોઈને જણાવતા નહિ. આમ અર્ધી ભૂખ તો પોતે સદા વેઠતા જ. એક વખત મોટા રામદાસ સ્વામીની માગણીથી મહારાજે સ્વામીને તેમની સાથે ફરવા મોકલ્યા. એક ગામમાં પહોંચ્યા. ત્યાં બે-ત્રણ સંતોને તાવ આવ્યો તેથી થોડું વધુ રોકાવાનું થયું. તાવને કારણે અનાજ સંતોથી લેવાતું ન હોવાથી એક હરિભક્ત મઠ શેકીને લાવ્યા. ફરસા મઠ માંદાને ભાવે તેવા હતા તેથી રામદાસ સ્વામીએ તે સંતોને મઠ આપ્યા. પરંતુ મઠ વધારે હતા તેથી મંડળના સૌ સંતોને વહેંચવા છતાં શેર મઠ વધ્યા. બધા સંતો તૃપ્ત થઈ ગયા હતા. કોઈ વધુ ખાઈ શકે તેમ ન હતા અને મહારાજે ભિક્ષામાં આવેલ અન્નનો સંગ્રહ ન કરવાનો નિયમ આપેલ. આ સંજોગોમાં રામદાસ સ્વામીએ સંતોને ફરી મઠ જમી જવા વિનંતી કરી. તે વખતે હંમેશા ભૂખ સહન કરતાં સ્વામી બોલ્યા, ''આપની ઈચ્છા હોય તો લાવો હું જમી જાઉં.'' એમ કહી તે મઠ સ્વામી જમી ગયા. તે જોઈ રામદાસ સ્વામીએ કહ્યું : ''અહો સાધુરામ રોજ આટલી ભૂખ વેઠો છો.'' આમ ભૂખ હોવા છતાં પણ ન જમવું એ એક પ્રકારનું સૂક્ષ્મ તપ છે. આવું તપ સ્વામી કરતા. **(૨)** ઉમરેઠમાં નંદરામ ઠાકરને ત્યાં મહારાજે સૌ સંતોને જાતે પીરસીને ખૂબ રસરોટલી જમાડ્યા બાદ આંબાના ઝાડ નીચે સભા કરીને બેઠા. ખૂબ જમ્યા હોવાથી વળી ચૈત્ર મહિનાનો તાપ ખૂબ પડતો હોવાથી સૌ સંતો અકળાતા હતા. તેમાં મહારાજે આજ્ઞા કરી કે 'તમે આજે લોભિયાનું અન્ન જમ્યા છો માટે ઊભાં ઊભાં ઝીલણીયા કીર્તનો બોલો એટલે અન્ન પચી જાય.' બેસવાનું કઠણ પડે ત્યાં ઊભા થઈ કીર્તનો બોલવા કોણ તૈયાર થાય ? તો જેમણે દેહનો અનાદર દૃઢ કર્યો છે તેવા સ્વામી ઊભા થયા. તેમની સાથે તદ્રૂપાનંદ સ્વામી પણ ઊભા થયા. સ્વામીને લગભગ ૫૦૦ કીર્તનો મોંઢે હતા. બે કલાક સુધી કીર્તન-ભક્તિ ચાલી મહારાજની ઈચ્છાથી આકાશ વાદળાંઓથી આચ્છાદિત રહ્યું ને સભા પછી તરત જ વરસાદ પડ્યો. પોતાની આજ્ઞાથી સ્વામીએ અવિરત કીર્તનો ગાયા. તેથી મહારાજ રાજી થઈને બોલ્યા કે 'તમારી ભક્તિથી વરસાદ થયો.'

**ભાવાર્થ** :- (૧) ત્યાગીએ ઈન્દ્રિયોના સંયમ માટે પણ આ રીતે ભૂખ સહન કરવી જોઈએ. જેણે કરીને મન વિષયોને માર્ગે જવાને બદલે ભગવાનમાં જોડાયેલું રહે છે. (૨) ગમે તેવો દેહને ભીડો પડે પણ મહારાજ અને પ્રગટ સત્પુરુષની આજ્ઞા જો પાળીએ તો તેઓ રાજી થાય છે. અને જીવનું રૂડું થાય છે. **નોંધ : પરીક્ષાર્થીએ કોઈ પણ એક પ્રસંગ લખ્યો હોય તો પણ પૂરા ગુણ આપવા.**

૨. **'અમારું અક્ષરધામ બક્ષિસ' (૨૫/૪૨-૪૩)** ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢના મહંત બનાવ્યા. તે સભામાં પિપલાણાના કુરજી દવે બેઠેલા હતા. તેમને મહારાજે યાદ કરાવતાં કહ્યું. અમે લોજમાં નીલકંઠ વર્ણીરૂપે હતા. તે સમયે તમે રામાનંદ સ્વામીના સમાચાર લાવ્યા હતા. ત્યારે મુક્તાનંદ સ્વામીએ તમને માથાનો તરફાળ (રૂમાલ) ભેટ આપ્યો હતો. તે વખતે અમારી પાસે કાંઈ ન હતું. તેથી અમે તમને કહ્યું હતું 'અમે શું આપીએ ? પણ જાઓ અમે તમને અમારું અક્ષરધામ બક્ષિસ આપીશું.' આ સમાચાર સાંભળી કુરજી દવે રાજી થયા કે મહારાજ કંઈક આપશે. ત્યારે મહારાજે કહ્યું 'લો આ ગુણાતીતાનંદ સ્વામી જે અમારું અક્ષરધામ છે તે તમને બક્ષિસ આપીએ છીએ.' સોરઠના હરિભક્તોને અમારું સુખ અમે યથાર્થ નથી આપી શક્યા. તેથી આ સાધુ જે અમારું સર્વસ્વ છે, અમારું અક્ષરધામ છે, તે અમે કૃષ્ણાર્પણ કરીએ છીએ. માટે તેમની સેવા અને

સમાગમ કરશો તો તમારું કામ થઈ જશે પછી સ્વામીને આશીર્વાદ આપ્યા કે 'જે જૂનાગઢ આવી તમારી અનુવૃત્તિ સાચવી સેવા કરશે તેની કરોડ જન્મની કસર હશે તે અમે આ જન્મે જ ટાળી નાંખીશું. એટલું કામ તમારું કરીશું.'

**ભાવાર્થઃ-** જેની પાસે જે વસ્તુ હોય તેની બક્ષિસ તે આપી શકે. પોતે પુરુષોત્તમ નારાયણ પરબ્રહ્મ છે અને તેઓ અક્ષરધામના અધિપતિ છે માટે જ અક્ષરધામ બક્ષિસ આપી શકે.

૩. **તુલસી દવે નિરાવરણ સ્થિતિ પામ્યા. (૪૫/૭૨,૭૩)** સંવત ૧૯૧૮માં ચૈત્રી પૂનમનો સમૈયો વરતાલ કરી સ્વામી ફરતા ફરતા બોટાદ પધાર્યા. અહીં પુરાણી તુલસી દવે કથા કરતા હતા. તેમની કથા સાંભળીને સ્વામીની તેમના ઉપર દૃષ્ટિ પડી. સ્વામીએ તેમને જૂનાગઢ આવવા કહ્યું. જૂનાગઢ જતા રસ્તામાં એક હરિભક્તે તેમને પૂછ્યું 'તુલસી કંઈ જણાય છે ?' ત્યારે તેમણે કહ્યું કે બોટાદમાં હતા અને જે સંકલ્પો થતા હતા તે તમામ સ્વામીની સાથે રહેવાથી શમી ગયા છે અને અંતરમાં આનંદ પ્રવર્તે છે. જૂનાગઢ પહોંચ્યા પછી તુલસી દવેએ પૂછ્યું : 'સ્વામી મને અષ્ટાંગ યોગ સિદ્ધ ન કરાવો ?' ત્યારે સ્વામીએ હસીને કહ્યું : 'અષ્ટાંગ યોગનું ફળ સમાધિ છે માટે જાઓ તમને સમાધિ થશે.' બીજે દિવસે સ્વામીએ તેમને ધ્યાનમાં બેસાડ્યા. સ્વામીની કૃપાદૃષ્ટિથી તેમને તરત સમાધિ થઈ. સમાધિ અવસ્થામાં તેમણે અર્ચિમાર્ગે સ્વામી સાથે ગતિ કરી. પ્રકૃતિપુરુષનો લોક જોયો. સ્વામીના દિવ્ય પ્રકાશમય સ્વરૂપની પાછળ જતાં અક્ષરધામમાં દિવ્ય સિંહાસન ઉપર મહારાજને જોયા. આજુબાજુ અનંતકોટિ મુક્તો હતા. તેમની ઓળખાણ ન થઈ પણ મહારાજની કૃપાથી બોટાદના શિવલાલ શેઠ, રઘુવીરજી મહારાજ, ગોપાળાનંદ સ્વામીના અસલ સ્વરૂપોના દર્શન થયા. ઠેઠ મહારાજના સિંહાસનના ત્રીજે પગથિયે જઈને તે ઊભા રહ્યાં. મહારાજની ઈચ્છાથી એમણે છ પ્રશ્નો પૂછ્યા. તેનો અનુભવ મહારાજે તેમને કરાવ્યો. સાતમો પ્રશ્ન તેમણે પૂછ્યો કે આ ગુણાતીતાનંદ સ્વામીને બધા અક્ષર કહે છે તેનું કેમ સમજવું ? મહારાજ કહે તમારે જોવું છે ? તેમણે હા પાડી તો મહારાજની ઈચ્છાથી સ્વામીની મૂર્તિમાંથી અપાર તેજ નીકળ્યું. જાણે તે તેજ ધામરૂપે સર્વ મુક્તો અને મહારાજને ધરી રહ્યું ન હોય અને સ્વામીને સાધુરૂપે મહારાજ પાસે ઊભેલા જોયા. આ રીતે સ્વામીના યથાર્થ સ્વરૂપની પ્રતીતિ તુલસી દવેને સમાધિ દ્વારા થઈ. યોગીઓને પણ દુર્લભ એવો સમાધિનો અનુભવ સ્વામીએ પોતાના ભક્તને કરાવ્યો.

**ભાવાર્થઃ-** ભગવાન કે ભગવાનના સંતની દૃષ્ટિ પડી જાય તો દુર્લભ વસ્તુ પણ સુલભ બની જાય છે. મોટા મોટા યોગીઓને પણ દુર્લભ એવી સમાધિ થઈને નિરાવરણ સ્થિતિ પણ પ્રાપ્ત થાય છે.

**પ્ર.૧૪ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૧, ૨, ૩ (૯/૨૪) **૨.** ૧, ૨ (૩૭/૬૩) **૩.** ૧, ૩ (૧૩/૨૯) **૪.** ૨, ૩, ૪ (૩૬/૬૨)

❑ ❑ ❑